# શ્રી ખોંભડી પાટીદાર  સનાતન સમાજ

## નો અંશતઃ ઇતિહાસ

### જયશ્રી લક્ષ્મીનારાયણ  ભગવાન

**મંદીર ની નગરી કહો જ્યાં  મંદીરો અનેક છે.**

**મેકરણ દાદાની જન્મભૂમિ હિન્દુસ્તાનમાં પ્રખ્યાત છે. દ્વારકા પીઠ જગદ્ગુરુ ના પાવન પગલા થી આ ભુમી પાવન છે.નવરાત્રીના નાટકોથી પ્રખ્યાત  આ એ જ ખમીરવંતી ખોંભડી છે.**

**ભૌગોલિક દ્રષ્ટિએ ભુજ જિલ્લા મથકથી ૭૦ કિલો મીટર ના અંતરે કચ્છની ધીગી  ધરા પર આવેલ ડુંગરમાળાથી ઘેરાયેલ તેમજ ગઢની તળેટીમાં વસેલુ હરીયાળું ગામ એટલે આપણું આ ખોંભડી ગામ. આપણા ગામનો ઇતિહાસ જોઇએ તો સંવત ૧૭૦૩ માં કડવા પાટીદાર સમાજના રવાણી અને પંજવાણી પરિવારના વડવાઓએ  ખોંભડી ગામનું તોરણ બાંધેલ અને સૌ પ્રથમ ગામમાં પ્રવેશ કરેલ ને ત્યારબાદ ચૌહાણ  અને ભગત પરીવાર સહીત અન્ય પરિવારોના લોકો ગામમાં આવી વસ્યા હતા. હાલમાં શ્રી ખોંભડી પાટીદાર સનાતન  સમાજમાં કુલ ૨૦ નુખોના અંદાઝે ૧૦૩૦  પરિવારો છે. જેની જન સંખ્યા અંદાઝે ૬૮૦૦ ની છે.**

**ખોંભડી ગામનું ક્ષેત્રફળ ૧૪૬૦ એકર છે. જેમાંથી ૧૧૦૦ એકરમાં ખેતીવાડી છે.**

**ખોંભડી ગામમાં વસતા  દરેક પરિવારો હળીમળીને રહે છે. તથા સુખ દુ:ખમાં એકબીજાની પડખે  ઉભા રહે છે. કોઇપણ ગામ કે સમાજની પ્રગતિ ત્યારે જ થાય છે જ્યારે ગામ કે સમાજના લોકો જાગૃત હોય ગામ અને સમાજના વિકાસ તેમજ લોક જાગૃતિ  અર્થે વિક્રમ સંવત ૨૦૦૦ને  સને ૧૯૪૪**

માં કડવા પાટીદાર સમાજના વાગડીયા,ભગત,વાસાણી તેમજ અન્ય પરિવારોના સુધારાવાદી વડીલો દ્વારા "સનાતન સમાજ" ની રચના કરવામાં આવી અને ધાર્મિક , સામાજીક સેવાકીય અને ગામ વિકાસના કાર્યો કરવાની શરૂઆત કરવામાં આવલ જે આજ પર્યંત ચાલુ છે.

કડવા પાટીદાર સમાજના આરાધ્યદેવ શ્રી લક્ષ્મીનારાયણ ભગવાનની સેવા પુજા ને ભક્તિ આરાધના કરવા અર્થે વિક્રમ સંવત ૨૦૦૨ અને વૈશાખ સુદ પુનમને રવિવાર તા. ૧૬-૦૫-૧૯૪૬ ના શુભ દિવસે ને શુભ મુહુર્તે ગામમાં અન્ય હિંદુ જ્ઞાતિઓના સહકાર સાથે સંતશ્રી ઓધવરામની પ્રેરણા અને સંતશ્રી દયાળદાસજીની ઉપસ્થિતિ અને માર્ગદર્શનથી શ્રી લક્ષ્મીનારાયણ ભગવાનની પાનમૂર્તિની સ્થાપના સનાતન સમાજના વડીલો દ્વારા કરવામાં આવેલ. જે પાન મૂર્તિ આજે પણ શિખરબદ્ધ મંદિરમાં બિરાજમાન છે.

આપણે સૌ જાણીએ છીએ કે મનુષ્યની ઉત્પત્તિથી માનવજાતને સુ-સંસ્કૃત અને સંસ્કારી બનાવનાર એક માત્ર સનાતન ધર્મ છે જે વેદ પ્રતિપાદિત છે, ભગવદ્ વિચારો અને સંતોના અપૌરૂષ્ય કર્મયોગથી રચાયેલા વેદો તથા ભગવાનના સ્વમુખે ગવાયેલી અમૃતવાણી એવી શ્રીમદ્ ભગવદગીતા એજ પરમ સત્ય છે.

કહેવાય છે કે જે સમાજની યુવા પેઢી જાગૃત હોય એ સમાજની પ્રગતિ ખુબ જ ઝડપ થી થાય છે ખોંભડી ગામની સ્થાપના થઇ ત્યારથી વર્તમાન સુધી ખોંભડી ગામ અને સમાજના વિકાસમાં વડીલો નું દુરંદેશી ભર્યું માર્ગદર્શન અને યુવાનોનું જોમ સભર યોગદાન ખુબજ મહત્વનું રહ્યું છે.

ગામ અને સમાજના વડીલોના આશિર્વાદથી તા. ૨-૧૦-૧૯૫૬ ના રોજ "ખોંભડી યુવકમંડળ" ની સ્થાપના કરવા માં આવેલ જેના પ્રથમ પ્રમુખ

તરીકે સ્વર્ગીય રામજીભાઇ દેવશીભાઇ પંજવાણી એ સેવા આપેલ જેની સ્થાપના ને ૫૦ વર્ષ પુર્ણ થતાં સને -૨૦૦૬ નાં મે ના તા. ૧૩/૧૪/૧૫ ના દિવસોમાં ત્રિદિવસીય ભવ્ય સુવર્ણ જયંતિ મહોત્સવ પણ ઉજવવામાં આવેલ ત્યારબાદ તા. ૩૦-૬-૧૯૭૩ ના રોજ યુવક મંડળનું નવું નામકરણ "શ્રી પ્રગતિ પાટીદાર યુવક મંડળ" કરવામાં આવેલ ત્યારે મંડળના પ્રથમ પ્રમુખ તરીકે સ્વર્ગીય શ્રી લધારામભાઇ નાનજીભાઇ ચૌહાણે અને મંત્રી તરીકે શિવધણ પરબત ભગતે સેવા આપેલ ત્યારબાદ સને ૨૦૦૪ માં ફરી મંડળનું નવું નામકરણ "શ્રી અખિલ ભારતિય ખોંભડી પાટીદાર યુવક મંડળ" કરવામાં આવ્યું જેના પ્રથમ પ્રમુખ તરીકે શ્રી બાબુભાઇ વાલજીભાઇ ભગત અને મહામંત્રી તરીકે રમેશભાઇ માવજીભાઇ વાગડીયા એ સેવા આપેલ.

સમયના વહેણ સાથે શ્રી લક્ષ્મીનારાયણ ભગવાનની કૃપા થી સમાજ ના વડીલો અને પરીવારો દ્વારા શ્રમયજ્ઞથી ભવ્ય શિખરબદ્ધ મંદીર નિર્માણ કરવાનું નક્કી કરવામાં આવેલ અને મંદિર નિર્માણ કાર્યનો આરંભ કરવામાં આવેલ. વિક્રમ સંવર ૨૦૨૬ ના ચૈત્ર સુદ તેરસને તા. ૧૯-૪-૧૯૭૦ ના શુભ દિવસે નિર્માણ પામેલ ભવ્ય મંદિરમાં શ્રી લક્ષ્મીનારાયણ ભગવાનની સંગેમરમરની મુર્તિની પ્રાણ પ્રતિષ્ઠા કરવામાં આવેલ અને પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવવામાં આવેલ આ મૂર્તિને જયપુર ખાતે બનાવીને ત્યાંથી કારીગરો લાવીને મંદીરમાં સ્થાપીત કરવાના કાર્યમાં મુળજીભાઇ નારણભાઇ રવાણી જાંપાવાળાનો ખુબ મોટો સહકાર મળેલ. સને ૧૯૯૫ માં ૨૫ વર્ષ પુરા થતા ભવ્ય રજત જયંતિ મહોત્સવ ઉજવવામાં આવેલ.ભવ્ય મંદિરના નિર્માણમાં જે વડીલોએ તન,મન અને ધનથી અમુલ્ય યોગદાન આપેલ જેમાંના અમુક વડીલો પૈકી શ્રી કાનજીભાઇ ભીમજીભાઇ ભગત,માધવજી જેઠા વાગડીયા, જેઠાભાઇ હીરજી ઉકાણી સાથે બાંધકામની મુખ્ય જવાબદારી સંભાળી મંદિર

નિર્માણના કાર્યમાં મહત્ત્વની કામગીરી નિભાવનાર, શ્રી કરમશીભાઇ જેઠાભાઇ  ભગત વિગેરેનો પણ ઋણ સ્વીકાર કરવો યોગ્ય ગણાશે. મંદિર નિર્માણમાં જે જે સભ્યોએ યોગદાન આપેલ છે તેનો ઋણ સ્વીકાર  કરવામાં આવે છે.

આ તકે  આપણે સૌએ આપણા સનાતન ધર્મને પ્રસ્થાપિત કરવાના ભગીરથ પ્રયત્નો કરવા છે શ્રી લક્ષ્મીનારાયણ ભગવાનનું ભવ્યાતિભવ્ય મંદિરનું નિર્માણ કરનાર તેમજ કરાવનારા  આપણાં તમામ વડીલોનાં ધર્મકાર્યો અને સમાજ સેવાના કાર્યોને લાખ લાખ વંદન સહ બિરદાવવા છે.

કોઇપણ સમાજની પ્રગતિ માટે શિક્ષણ ખુબજ  મહત્વનું  છે. ખોંભડી ગામમાં સનાતન સમાજ દ્વારા એક સ્કુલ શરૂ કરવામાં આવેલ.જે સ્કુલમાં સમાજના વડીલો તેમજ ઘણા હોદ્દેદારોએ વિદ્યાર્થી તરીકે શિક્ષણ પ્રાપ્ત કરીને દેશ-વિદેશ માં સમાજનું નામ રોશન કરેલ છે.

તહેવાર એટલે આપણી સાંસ્કૃતિક,સામાજીક અને પરંપરાગત ઓળખ, ખોંભડી ગામમાં દરેક તહેવારો ખુબજ ઉમંગ અને ઉત્સાહથી ઉજવવામાં આવે છે. ગામમાં  દરેક તહેવારો હળીમળીને ઉજવી શકે તે માટે  સમાજે શ્રી લક્ષ્મીનારાયણ ભગવાનના મંદિરની આગળ ચોકની પણ વ્યવસ્થા કરેલ છે.

આ ઉપરાંત ગામમાં  અન્ય દેવી દેવતાઓના મંદીરો અને ધાર્મિક સ્થાનકો, આવેલ છે. જેમકે અંબાજી મંદીર, શક્તિધામ  તળાવકિનારે મહાદેવનું મંદિર , નાગાબાવા ની સમાધી  તેમજ નાના મોટા ૫૦ મંદીરો  અને સ્થાનકો આવેલ છે. ને એટલે જ ખોંભડી ગામ ને મંદીરોની નગરી કહેવામાં આવે છે.

ગામમાં  પ્રવેશતાં જ પ્રવેશદ્વાર આવે છે. જે રવાણી પરીવારે બનાવીને ગામને અર્પણ કરેલ છે. તે પ્રવેશદ્વારની જમણી બાજુ અંબાજી માતાનું  વિશાળ મંદિર આવેલ  છે. જેમાં અંબામાતા, ઉમીયા માતા અને બહુચરમાતાની મુર્તિઓની પ્રાણ પ્રતિષ્ઠા  સને -૧૯૭૭ ની સાલમાં કરવામાં આવેલ છે. મંદિરનો આરંભ કરવાવાળા  જેઠાભાઇ અરજણભાઇ રવાણી, શિવગણભાઇ માધવજીભાઇ  વાગડીયા, લધારામ ભાઇ નાનજીભાઇ ચૌહાણ  તેમજ  વાડિયા પરીવાર ના સભ્યો દ્વારા સાથે મળીને લોકફાળા થી મંદિરનું નિર્માણ કરવામાં આવેલ. અંબાજી મંદિરનો વહીવટ સમાજથી અલગ રહેતો હતો. સમય જતાં સંજોગોવસાત અંબાજી મંદિરના આજુબાજુવાળા  પરીવારોના સભ્યો પરદેશ જવાથી સને -૨૦૦૧ પછી મંદિરોનો વહીવટ શ્રી ખોંભડી પાટીદાર સનાતન સમાજ દ્વારા સંભાળવામાં  આવે છે. શ્રી ખોંભડી પાટીદાર સનાતન  સમાજનું એક વિશાળ સંકુલ બની ગયેલ છે.

ગામમાં પીવાલાયક  પાણીની જરૂરીયાત  માટે વોટર સપ્લાયની સને -૧૯૬૯ માં સ્થાપના થઇ ને તા. ૨૧-૧-૧૯૭૦ ના રોજ થી ગામમાં રાબેતા મુજબ દરેક ઘરોમાં  નળ  દ્વારા પાણી સપ્લાયની શરૂઆત કરવામાં આવેલ. આ કામની જવાબદારી  શ્રી કાનજીભાઇ  ભીમજીભાઇ ભગત અને નાનજીભાઇ  ગંગદાસભાઇ ચૌહાણના નેજા હેઠળ નિભાવવામાં આવેલ અને ઘરે ઘરે  કનેક્શન આપવામાં આવેલ.

યુવક મંડળ અને ગામ લોકોના સાથ અને સહકારથી સને ૧૯૮૧ માં ગામમાં યોજાતા સાંસ્કૃતિક કાર્યક્રમો માટે શ્રી લક્ષ્મીનારાયણ ચોકમાં સરસ્વતી શિશુમંદિર  બનાવવામાં આવેલ. શિશુમંદિર માં બનાવવામાં આવેલ સ્ટેજ  પર ખોંભડી સમાજના યુવકો  દ્વારા ભજવવામાં આવેલ નાટકોનો ઇતિહાસ છુપાયેલો છે.

નાટકો ની વાત નીકળી જ છે તો થોડી નાટક વિશે પણ વાત કરી લઇએ. પાટીદાર સમાજના અને ગામના યુવકો દ્વારા શિશુમંદિર ના રંગમંચ પર છેક ૧૯૫૬ થી ભજવાતા જાજલ્યવાન નાટકોમાં મુખ્ય “પાંજોકચ્છ અને ઝારા નું યુદ્ધ” , સતી દ્રૌપદી, જયચિત્તોડ,તેમજ બીજા ઘણા ઐતિહાસિક ,ધાર્મિક, સામાજીક અને હેતુલક્ષી નાટકોનો ભવ્ય ઇતિહાસ રહેલો છે. દરેક નાટકોમાં સ્ત્રી અને પુરુષ બંનેના પાત્રો મંડળના યુવકો દ્વારા એકદમ પ્રોફેશનલ કલાકારની જેમ જ રજુ કરવામાં આવતા, ખોંભડી ગામમાં ભજવાતા નાટકો નિહાળવા માટે દુર દુરથી લોકો આવતાને કલાકારો નો જાનદાર અભિનય જોઇને તાળીઓના ગડગડાટથી તેમને વધાવતા અને પ્રોત્સાહિત કરતા આ નાટકો સમગ્ર પંથકમાં ખુબ જ વખણાયેલા છે.

ખોંભડી ગામમાં સને ૧૯૯૨ માં ખોંભડી સેવા સહકારી મંડળી ચાલુ કરવા માં આવેલ . આ સંસ્થા ચાલુ કરવામાં સમાજના મુરબ્બીઓ રવજી વાલજી ભગત, પ્રેમજી ખેતા વાડીયા, લધારામ જીવરાજ ભગત અને શીવલાલ નાનજી ચૌહાણ દ્વારા બહુજ મહેનત કરીને મંડળી ચાલુ કરવામાં આવેલ. આ નામો વાળા ભાઇઓ વખતો વખત, મંડળીના પ્રમુખ તરીકેની જવાબદારી પણ સંભાળી ચુક્યા છે. ને હાલમાં દયારામભાઇ દેવજીભાઇ ચૌહાણ પ્રમુખ તરીકેની સરસ સેવા આપી રહ્યા છે.

ગામમાં ૧૯૯૫ માં મંદિરના રજત જયંતિ વખતે ટેલીફોન એક્સચેન્જનો શુભારંભ પૂજ્ય હરીદાસ મહારાજના હાથે કરવામાં આવેલ, આ સેવા ચાલુ કરાવવામાં વડીલોશ્રી પ્રેમજીભાઇ ખેતાભાઇ વાડીયા,લધારામ જીવરાજ ભગત, પેથા વાલજી ભગત, નારણ રામજી કાનાણી દ્વારા ખુબ જહેમત ઉઠાવવામાં આવેલ, ટેલીફોન સેવા ચાલુ થયા બાદ યુગ બદલાતા મોબાઇલનો યુગ આવ્યો ને ટેલીફોન બંધ થઇ ગયા.

સાંસ્કૃતિક કાર્યક્રમોની સાથે સાથે મંડળ સમાજ ઉપયોગી  કાર્યો પણ કરતું રહેતું  હતું જે અંતર્ગત તા. ૨૫-૦૮-૧૯૯૭ ના દીવસે પરીવારોમાં આવતા સામાજીક અને ધાર્મિક કાર્યો, સરળતા પુર્વક થઇ શકે તે માટે ગામમાં  એક 'સમાજવાડી' પણ  બનાવવામાં આવેલ છે. આ સમાજવાડી બનાવવામાં સૌ સમાજજનોનો સાથ, સહકાર મળેલ  જે સમાજવાડી મંદીરની બાજુમાં જ બનાવવામાં આવેલ છે. જે સમાજવાડી માં ત્રણ ટાઇમ જમણવારની સગવડ ઉભી કરવામાં આવેલ છે. જેને 'અપનાઘર' ની ઉપમા આપવામાં આવેલ છે. જેનો વહીવટ  ખુબ સરસ રીતે  ચાલે છે.

ગામમાં શ્રી લક્ષ્મીનારાયણ ભગવાનના મંદિરની બાજુમાં ઘણા પરીવાર જેમ  રવાણી,વાગડીયા,ગોરાણી,દિવાણી,ભાવાણી,  પરીવારોના પુર્વજો સુરધન બાપાઓની ખાંભીઓ  આવેલી છે. પંજવાણી પરીવારના સુરધન બાપાની ખાંભી નું  મંદિર મંગલેશ્વર મહાદેવ તળાવ પાસે બનાવવામાં આવેલ છે. તેવી જ રીતે ગામના વચ્ચે આખા એરીયામાં જેના વખાણ  થાય છે ને આપણા સમાજનું ગૌરવ એવું ચૌહાણ પરીસર  આવેલું છે. આ પરીસર માં ચૌહાણ  પરીવાર ના પુર્વજ  એવા શ્રીનાગજી દાદા,ગંગાફઇ અને કૌષિક ઋષિનું ભવ્ય મંદિર આવેલું છે. જેની શુભ શરૂઆત તા. ૭-૫-૨૦૧૧ના દિવસે કરવામાં આવેલ. એવી જ  રીતે નાની ખોંભડી ખાતેકચ્છનાં કાપડી સંત અને લક્ષ્મણજીના અવતાર  એવા પુજ્ય સંત મેકરણદાદાની જન્મભુમી આવેલ છે અને તેની સ્મૃતિમાં ભવ્ય મંદિર બનાવવામાં આવેલ છે.

ખોંભડી ગામની શ્રી ખોંભડી મોટી જુથ ગ્રામ પંચાયત ની સ્થાપના ૧૯૬૦ માં સરકાર દ્વારા કરવામાં આવી હતી. જેના પ્રથમ  સરપંચ તરીકે સમાજના વડીલ બાપા સ્વ.શ્રી વેલજીભાઇ મુળજીભાઇ ચૌહાણ હતા. ત્યારબાદજ ગામના  અન્ય વડીલો સ્વ. શ્રી કરમશીભાઇ ખેતાભાઇ  રવાણી,

સ્વ.શ્રી રામજીભાઇ દેવશીભાઇ પંજવાણી, સ્વ.શ્રી નાનજીભાઇ ગંગદાસભાઇ ચૌહાણ દ્વારા સરપંચ તરીકે સેવાઓ આપવામાં આવેલ. સને- ૧૯૭૮ માં માત્ર ૨૮ વર્ષની યુવાવસ્થાએ શ્રી રવજીભાઇ વાલજીભાઇ ભગત એ અલગ અલગ ટર્મમાં સરપંચ તરીકે ૧૨ વર્ષ સુધી ગામમાં સેવા આપવામાં આવેલ. તેમના સમયકાળમાં મુખ્યત્વે પંચાયત ઓફીસનું મકાન,ગામમાં કચ્છ ગ્રામીણ બેંકની શાખા ખોલાવવા જેવા ઘણા કાર્યોમાં એમનું મહત્વનું યોગદાન રહેલ હતું.

ત્યારબાદ ગામના પ્રથમ મહીલા સરપંચ તરીકે નું બહુમાન મેળવનાર શ્રીમતી મોંઘીબેન કરશનભાઇ વાડીયા એ પણ સરપંચ તરીકે સેવા આપેલ તે સિવાય આપણી સમાજની મહિલા સભ્યો શ્રીમતી ભગવતીબેન હરીભાઇ ધોળુ તેમજ શ્રીમતી લીલાબેન ધરમશીભાઇ રવાણી દ્વારા પણ સરપંચ તરીકેની સેવાઓ આપવામાં આવેલ. ગામના સરપંચ તરીકે શ્રી વિશાજી પ્રતુભા જાડેજા તેમનાં પુત્ર મુરૂભા વિશાજી જાડેજા, તેમજ દિલીપસિંહ જાડેજાએ વખતોવખત સરપંચ તરીકે સેવાઓ આપેલ છે. હાલમાં શ્રીમતિ ધર્મિષ્ઠાબેન હિરાલાલભાઇ કાપડી ગામના સરપંચ તરીકે સરસ સેવા આપી રહેલ છે. શ્રી ખોંભડી પાટીદાર સનાતન સમાજના મહિલા સભ્ય એવા શ્રીમતી કાંતાબેન મણીલાલભાઇ ચૌહાણ હાલમાં ગ્રામપંચાયતના ઉપ સરપંચ તરીકે સેવા આપી રહેલ છે.

હાલમાં ખોંભડી ગામમાં સનાતન સમાજના કુલ ત્રણ સંગઠનો કાર્યરત છે.

(૧) શ્રી ખોંભડી પાટીદાર સનાતન સમાજ જેના પ્રમુખ તરીકે શ્રી કાંતિભાઇ લાલજીભાઇ રવાણી (અમદાવાદ) અને મહામંત્રીશ્રી

તરીકે હંસરાજભાઇ કેશરાભાઇ રવાણી (વાપી) સેવા આપી રહેલ છે.

(૨) શ્રી અખિલ ભારતીય ખોંભડી પાટીદાર સનાતન યુવક મંડળ જેના સેન્ટ્રલ પ્રમુખ તરીકે શ્રી અમૃતલાલ લધારામભાઇ ભગત (સુરત) અને મહામંત્રી તરીકે શ્રી દિનેશભાઇ હરિરાજભાઇ વાગડીયા (હિંગલઘાટ) સેવા આપી રહેલ છે.અને યુવક મંડળમાં એરીયા વાઇઝ પાંચ ઝોન બનાવવામાં આવેલ છે.

**જેની વસ્તી સાથે ની માહિતી :-**

| | વસ્તી | કુંવારી યુવક | પરણેલી | નીચાદી |
|---|---|---|---|---|
| ૧. ગુજરાત ઝોન | ૨ ૧૧૨ | ૩૦૭ | ૫૨૪ | ૭૦૬ |
| ૨. સાઉથ ઝોન | ૧૮૫૬ | ૩૨૦ | ૪૪૧ | ૬૦૮ |
| ૩. મહારાષ્ટ્ર ઝોન | ૧૫૮૨ | ૨૫૮ | ૩૬૧ | ૫૫૧ |
| ૪. નોર્થ ઝોન | ૮૨૬ | ૧૧૫ | ૧૯૨ | ૩૦૪ |
| ૫. કચ્છ ઝોન | ૪૨૪ | ૮૫ | ૯૬ | ૧૮૬ |
| ટોટલ : | ૬૮૦૦ | ૧૦૮૫ | ૧૬૧૪ | ૨૩૫૫ |

(3) સમાજની મહિલાઓની જાગૃતિ સાથે સમાજમાં સ્થાનિક મહીલા મંડળથી સ્થાપના કરવામાં આવેલ છે અને તેના પ્રથમ પ્રમુખ તરીકે માતુશ્રી ડાહીબેન લાલજીભાઇ ચૌહાણ અને મહામંત્રી તરીકે શ્રીમતી મોંઘીબેન લધારામભાઇ ભગત દ્વારા સેવા આપવામાં આવેલ.

સ્થાનિક મહિલા મંડળના હાલનાં પ્રમુખ તરીકે શ્રીમતી કાન્તાબેન મણીલાલભાઇ ચૌહાણ અને મહામંત્રી તરીકે શ્રીમતિ ગીતાબેન જીતેન્દ્રભાઇ ચૌહાણ સરસ સેવા આપી રહેલ છે.

શ્રી ખોંભડી પાટીદાર સનાતન સમાજનાઆ 3 સંગઠનો એક બીજાના પુરક બની હળી મળીને ગામ અને સમાજના ઉત્કર્ષ માટે નિઃસ્વાર્થ

સેવા કરી રહેલ  છે. આપણે સૌ જાણીએ છીએ કે મનુષ્યની ઉત્પત્તિ થી માનવજાતને સુસંસ્કૃત અને સંસ્કારી બનાવનાર  એક માત્ર સનાતન ધર્મ છે. એજ પરમ સત્ય છે.  આ પરમ સત્યને વળગીને તેનું  નિરંતર  સ્મરણ કરતાં કરતાં  "સનાતન સમાજ" ની રચના કર્યાને અને શ્રી લક્ષ્મીનારાયણ  ભગવાનની  પાન મૂર્તિની સ્થાપના  કર્યાને સને ૨૦૨૦ માં ૭૫ વર્ષ પુર્ણ થઇ રહેલ છે. તેનો હિરક જયંતિ  મહોત્સવ અને  શ્રી લક્ષ્મીનારાયણ ભગવાનના  ભવ્ય શિખર બદ્ધ  મંદિર તેમજ ભગવાનની શ્રી લક્ષ્મીનારાયણની સંગેમરમરની મુર્તિઓની પ્રાણ પ્રતિષ્ઠા કર્યાને પણ ૫૦ વર્ષ પુર્ણ  થયેલ.

આપણી સમાજના આ ત્રિવેણી  સંગમ જેવા  અલૌકીક  હિરક અને સુવર્ણ જયંતિ સનાતની મહોત્સવ રૂપે ત્રિવેણી મહોત્સવ ભવ્યાતિભવ્ય રીતે ઉજવવાનું આયોજન તા. ૩૦-એપ્રીલ થી ૪ મે- ૨૦૨૩ ને સંવત  ૨૦૭૯ ના વૈશાખ સુદ ૧૦ (દસમ) થી ૧૪ (ચૌદસ) સુધીના શુભ  દિવસોમાં કરવામાં આવેલ છે.

આ દિવસોમાં આપણે સૌ સાથે મળીને મહોત્સવને અનેરા ઉત્સાહ અને ઉમંગથી ઉજવવો છે.  આપણા ઇતિહાસને જાણવો છે, વાગોળવો છે. આપણા સમાજજનોના  ઉજ્જવળ ભવિષ્યનું લક્ષ્ય નક્કી કરવાનું છે. આપણા સમાજની તમામ દિકરીઓને  વાત્સલ્યભાવ થી સન્માન કરી તેમના લાગણીસભર  આશિર્વાદ મેળવવા છે.

આ તકે આપણે સૌએ આપણા  સનાતન ધર્મ ને પ્રસ્થાપિત  કરવાના ભગીરથ પ્રયત્નો  કરવા છે. શ્રી લક્ષ્મીનારાયણ ભગવાનનું ભવ્યાતિભવ્ય મંદિર નું નિર્માણ કરનાર  આપણા વડીલોના ધર્મ કાર્યો અને સમાજ સેવાના કાર્યોને લાખ લાખ વંદન સહ બિરદાવવા છે. આપણી સમાજના દરેક સમયે સમાજના વિકાસ કાર્યોમાં ઉત્સવમાં અને આ ત્રિવેણી મહોત્સવમાં અનેક

દાતાઓ દિલ ખોલીને દાનનો પ્રવાહ વહેતો કરેલ છે. આવા દાનવીરોને પણ લાખ લાખ વંદન સહ બિરદાવવા છે.

આપણા સમાજ પ્રત્યે લાગણી બતાવી સંતશ્રી ઓધવરામ બાપાએ આપણે સૌને સાચો રાહ ચિંધ્યો છે. એમના આશિર્વાદથી આજે સનાતન સમાજના દરેક પરિવારો પોતાના વ્યવસાયમાં બેજોડ પ્રગતિ કરીને સુખ,શાંતિ ને સમૃદ્ધિ ને પામ્યા છે. એવા પરમ સંતની કૃપા દ્રષ્ટીની સરાહના કરી તેમના આપણા ઉપર ન ચુકવી શકાય તેવા ઋણને ઓછું કરવા નો હ્દયપૂર્વક પ્રયત્ન કરવો છે.

આવો લ્હાવો જીવનમાં વારંવાર મળતો નથી. ભાગ્યશાળીઓને જ આવા અલૌકીક મહોત્સવો માણવાનું સદભાગ્ય સાંપડે છે. તો આવો આપણે સૌ સાથે મળીને આવા ભવ્યતિભવ્ય મહોત્સવને હ્દયના ઊમંગથી માણવાની તૈયારી કરીએ અને આપણા પરંપરાગત વારસાને ઉજાગર કરીએ.

અંતમાં આપણા સનાતન સમાજના સૌ કોઇ ને એટલું જ કહેવાનું છે કે આપણા માદરે વતન ખોંભડી ગામના આંગણે સનાતન સમાજનો અનેરો અવસર આવ્યો છે. સમાજ પ્રત્યેનું ઋણ અદાકરવાનો, તો ચાલો, તન,મન, ધન અને સમયના યોગદાન તેમજ સાથ અને સહકારથી આ ત્રિવેણી સંગમ જેવા ત્રિવેણી મહોત્સવને સફળ બનાવીએ ,ઉજવીએ ને માણીએ તો ચાલો કરી લો તૈયારી આપણાં સાંસ્કૃતિક ને ધાર્મિક વારસા સમા ગ્રામ ખોંભડી આવવાની જ્યાં આપણે સૌ હળીશું મળીશું ને મીઠા મધુરા સંભારણાઓનું ભાથુ ભેળું કરીશું.

**“ મારો સમાજ મારું સ્વાભિમાન”**

**શ્રી લક્ષ્મીનારાયણ ભગવાનની જય, શ્રી ઉમિયા માતાજી ની જય**

**શ્રી ખોંભડી પાટીદાર સનાતન સમાજ**

**પ્રમુખશ્રીઃ કાંતિલાલ લાલજીભાઇ રવાણી**

**મહામંત્રીશ્રીઃ હંસરાજભાઇ કેશરાભાઇ રવાણી**

# <u>પ્રસ્તાવના</u>

શ્રી ખોંભડી પાટીદાર સનાતન સમાજની જનરલ મીટીંગ માં નક્કી થયું કે આપણા ઇષ્ટદેવ શ્રી લક્ષ્મીનારાયણ ભગવાન ના મંદીર ને ૫૦ વર્ષ અને પાન મુર્તિ અને સમાજની સ્થાપના ને સને ૨૦૨૦માં ૭૫ વર્ષ પુરા થતા હોવાથી આપણો ભવ્યહિરક સુવર્ણ જયંતિ મહોત્સવ ઉજવવો, ને આપણી નીચાણીની સંખ્યા લેવી જોઇએ તોતે માટે આપણા આખા સમાજનો રેકર્ડ ભેગો કરવો ને તે માટે વેબસાઇટ બનાવવાનું નક્કી કરવામાં આવ્યું ને તેમાં આપણા સમાજ અને ગામનો ઇતિહાસ આવી જાય અને આપણા સમાજના પરિવારોની વિગતોનો સમાવેશ થઇ જાય તેની જવાબદારી મને સમાજ દ્વારા સોંપવામાં આવેલ મારા પર મુકવામાં આવેલ વિશ્વાસ બદલ સમાજનો હું આભારી છું. આ કાર્ય કરવાની તૈયારી સને- ૨૦૧૮ થી અમો એ ગર્વથી આરંભેલ.

વેબસાઇટ બનાવવી અને માહીતી ભેગી કરવી એ કાર્યની શરૂઆત બાદ ખ્યાલ આવતો ગયો કે આ કાર્યમાં સૌ ભાઇઓ,વડીલોના સહકાર વિના અશક્ય છે. આ કાર્ય માટે

**સમાજના પ્રમુખ શ્રી કાંતિલાલભાઇ લાલજીભાઇ રવાણી- અમદાવાદ**

**સમાજના મહામંત્રીશ્રી હંસરાજભાઇ કેશરાભાઇ રવાણી – વાપી**

**સમાજના પુર્વ પ્રમુખ/ ટ્રસ્ટીશ્રી બાબુભાઇ વાલજીભાઇ ભગત- બેંગ્લોર**

**સમાજના ટ્રસ્ટીશ્રી લધારામભાઇ જીવરાજભાઇ ભગત - સુરત**

**સમાજનાપુર્વ મહામંત્રીશ્રી શીવલાલભાઇ નાનજીભાઇ ચૌહાણ- અમદાવાદ**

**સમાજના મંત્રીશ્રી ખેતાલાલ વાલજીભાઇ ભગત – સુરત**

**સેન્ટ્રલ યુવક મંડળના પ્રમુખશ્રી :- અમૃતલાલ લધારામભાઇ ભગત – સુરત**

**સેન્ટ્રલ યુવક મંડળ મહામંત્રીશ્રી :- દિનેશભાઇ હરિરાજભાઇ વાગડીયા-**

**કારોબારી સભ્ય :- મુકેશકુમાર શીવલાલભાઇ ચૌહાણ- અમદાવાદ**

ઉપર મુજબના આ ભાઇઓ તથા સમાજના અન્ય વડીલો, યુવક મંડળ ના પાંચે ઝોન સૌ હોદ્દેદારો , સેન્ટ્રલ યુવક મંડળ ની અત્યારની અને આગળની ટીમ ત્થા અનેક યુવાનોના સાથ સહકારથી અને સુવ્યવસ્થિત

સંકલન કરી મહેનત માંગી લે તેવી કામગીરી આપણે સરસ રીતે માહીતી મેળવી ને કાર્ય કરેલ આ કાર્યમાં કેપ્ટન તરીકેની આ સેવા કરવાની મને તક આપી અને કાર્ય કરવામાં સતત પ્રેરણા, અમુલ્ય સહયોગ અને પ્રોત્સાહન પુરુ પાડનાર સૌ ભાઇઓ વડીલો નો હું આભારી છું.

આ વેબસાઇટ બનાવવા માં મુકેશભાઇ ચૌહાણ અને નીલેશભાઇ વાસાણી- અમદાવાદનો ખુબજ સહયોગ મળેલ છે. તેમનો પણ આભાર.

સમાજની વેબસાઇટમાં અમોને ઉપલબ્ધ થયેલ તમામ માહીતી નો યોગ્ય રીતે સમાવેશ કરવાની કોશિષ કરેલ છે. તેમ છતાં એમાં કાંઇક ખામીઓ, ક્ષતિઓ, તેમજ ત્રુટીઓ રહી જવા પામેલ હશે. તો તે માટે ઉદાર હૃદયના સમાજજનો અમોને દરગુજર કરશો અને ઉદાર હૃદયે ક્ષમા કરશો ને ભવિષ્યમાં પણ સમાજ ઉપયોગી સુચનો આપશો. ફરીથી સમાજના પ્રમુખશ્રી હોદ્દેદારો તથા મારા વ્હાલા, સૌ સમાજજનોનો ખુબ ખુબ આભાર.

કુળદેવી શ્રી ઉમીયામાતાની જય
શ્રી લક્ષ્મીનારાયણ ભગવાનની જય
આપણો સમાજ, આપણું સ્વાભીમાન

લી.
સ્નેહાધિન
શ્રી ખોંભડી પાટીદાર સનાતન સમાજ
મંત્રીશ્રી
ચંદ્રેશભાઇ લધારામભાઇ ચૌહાણ
અમદાવાદ

તા. ૧-૫-૨૦૨૩
ખોંભડી -કચ્છ